ગાંધીનગર સમાચાર

તા. ૧૬-૨-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

# આપ સરકારની રાજકીય બલિદાન નવી કેડી કંડારશે

ગણેલા ઓગણ પચાસ દિવસોના વિવાદાસ્પદ અને છતાં આશાસ્પદ શાસન પછી અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દેશના રાજકારણમાં એક ભૂકંપ સર્જ્યો છે. જો કે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં તે જ દિવસથી એમની હાલકડોલક લઘુમતી સરકારના પતનનું કાઉન્ટડાઉન શરૂ થઇ જ ગયું હતું. જે બેપરવાઇથી તેઓ એમને સમર્થન આપનારી કોંગ્રસના નેતાઓ તથા કેન્દ્ર સરકાર વિરૂદ્ધ બેફામ ઉચ્ચારણો કરતા હતા અને સોનિયા - રાહુલ સહિતના નેતાઓને પડકારી રહ્યા હતા તે પરથી એમ જ લાગતું હતું કે આઠ ધારાસભ્યોનું સંખ્યાબળ ધરાવતી કોંગ્રેસ પાર્ટી કોઇ પણ ક્ષણે કેજરીવાલ સરકારનું પતન નોકરી શકે છે. પરંતુ કેજરીવાલ કોંગ્રેસની સરખામણીએ વધુ ઉતાવળીયા અને અપરિપકવ હોવાથી પ્રતીતિ પહેલા જ દિવસથી કરાવતા રહ્યા હતા. એમને સરકાર રહે કે જાય એની ચિંતા ન હતી. પ્રજાને ચૂંટણી ટાણે આપેલાં કોઇ પણ એંગલથી તપાસતાં વહેવારું ન લાગે એવાં વચનો પાળી બતાવવા માટે એ કૃતસંકલ્પ હતા. એ પૈકીનાં કેટલાક તો એમણે બિન્ધાસ પાળી પણ બતાવ્યા. પરંતુ જનલોકપાલ બિલ એ એમનો નાભિશ્વાસ હતો, જેના અમલ પૂર્વે બંધારણીય અડચણો પાર કરવાની હતી. દિલ્હી પૂર્ણ કદનું રાજય નથી, એથી એની વિધાનસભાને અન્ય રાજયોની વિધાનસભાઓ જેવા અધિકારો નથી. કેન્દ્ર સરકારની અને એના હાકેમ જેવા ઉપરાજયપાલની પૂર્વમંજૂરી વગર એ મહત્ત્વના ખરડા પસાર ન કરી શકે. આ મુદ્દે જનલોકપાલ બિલ રજૂ કરી 'હીરો' બની જવા માગતા કેજરીવાલને વિપક્ષે બેઠેલા ભાજપ અને તથાકથિત સમર્થન આપતી કોંગ્રેસ - બેઉના રોષનો ભોગ બનવું પડ્યું. એમણે આ તક ઝડપી લઇ સરકારનું રાજીનામું ધરી દઇ નવેસરથી જનાદેશ મેળવવા માટે ઉપરાજયપાલને વિધાનસભા વિખેરી નાખવાની સલાહ પણ આપી દીધી. બેઉ મુખ્ય રાજકીય પક્ષો માટે કેજરીવાલ શિરોવેદના સાબિત થયા છે. તો વળી કેજરીવાલ હવે બેઉ રાજકીય પક્ષો ભ્રષ્ટાચારના મુદ્દે એક છે અને બેઉ મુકેશ અંબાણીના ખીસામાં છે - એવો તર્ક રજૂ કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીની સરકારે થોડા દિવસ અગાઉ જ કેન્દ્રીય મંત્રીઓ અને રિલાયંસના માલિક મુકેશ અંબાણી વિરૂદ્ધ ગેસગોટાળા મુદ્દે એફઆઇઆર દાખલ કરાવી હતી. કેજરીવાલ ઉતાવળીયા અને અપરિપક્વ હશે એની ના નહીં, પરંતુ એમની દાનત ચોખ્ખી છે અને એમનામાં કહેવાતાં મોટાં માથાં સાથે બાથ ભીડવાની હામ અને હિંમત છે, તે વિશે શંકાને સ્થાન નથી. સત્તાલાલસા તો દરેક રાજકારણીને હોય છે પરંતુ સત્તા મેળવવા માટે રૂપિયાની રેલંછેલ અને બંધબારણે મસમોટાં ચૂંટણી ફંડ ઉઘરાવી ઉદ્યોગપતિઓને લહાણી કરતા રહેલા કોંગ્રેસ અને ભાજપનાં નેતાઓની સરખામણીએ પ્રજા કેજરીવાલ જેવા આખાબોલા અને ચોખ્ખાબોલા નેતાને સાથ આપવાનું પસંદ કરે તો નવાઇ ન લાગવી જોઇએ. કેજરીવાલ અને એમની 'આમ આદમી'ની ફોજ હવે દિલ્હીની સરહદમાં પુરાઇ રહેવાને બદલે દેશ આખામાં દાવાનળની જેમ ફરી વળશે. કેજરીવાલ કોઇને છોડશે નહીં, એની પ્રતીતિ તો એમના ઐતિહાસિક વિદાય પ્રવચન વખતે પ્રજા જે ઉત્સાહથી ઊમટી હતી એ જોઇને જ થઇ જાય. એ વખતે કાર્યકરો જે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા તે પણ કેવો સૂચક છે - 'અબકી શીલા હારી હૈ, ફીર મોદી કી બારી હૈ...'

# પુરુષ, મહિલા હોમગાર્ડઝની ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના હોમગાર્ડઝ યુનિટ ખાતે પુરુષ અને મહિલા હોમગાર્ડઝની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લાના હોમગાર્ડઝના યુનિટો નજીક રહેઠાણ ધરાવતા હોય અને દળમાં ભરતી થવા ઈચ્છુક ઉમેદવારો ધોરણ-૭ પાસથી વધુ હોય અને ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૫૦ વર્ષ ધરાવતા હોય તેઓએ નામ, સરનામુ, જન્મ તારીખ, અભ્યાસ, પોલીસ સ્ટેશન વિસ્તાર સહિત પોતાની વિગતો તા. ૨૧ ફેબ્રુઆરી સુધી મળી જાય તે રીતે ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ, ગાંધીનગર, જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડની કચેરી, બ્લોક નં. ૬, ભોયતળિયે, જુના સચિવાલય, ગાંધીનગર, ટે. નં. ૦૭૯, ૨૩૨-૨૬૧૫૫, સાદી ટપાલથી અરજી કરવાની રહેશે.

# સર્વ સમસ્યાનું સમાધાન : શિક્ષણમાં પરિવર્તન

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ગાંધીનગર મુકામે દિ. ૧૪, ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ 'શિક્ષણમાં ભારતીય ચિંતન' વિષય પર સંમેલન સફળતાપૂર્વક સંપન્ન થયું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૮૦ પ્રતિભાગીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ દ્વિદિવસીય સંમેલનમાં મા. દીનાનાથજી બત્રા અધ્યક્ષ, શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હી, મા. અતુલભાઈ કોઠારી સચિવશ્રી શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ નવી દિલ્હી, સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજી, રામકૃષ્ણ આશ્રમ તથા સ્વામીશ્રી પવિત્રાનંદજી, મા. હર્ષદભાઈ શાહ, કુલપતિશ્રી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ જુદા જુદા વિષયો પર મુખ્ય વક્તવ્યો આપ્યાં હતાં. આ સંમેલનમાં 'ભારતીય શિક્ષણના ઉદ્દેશ્યો તથા આધારશિલા', 'વર્તમાન શિક્ષણના પડકાર' તથા વૈકલ્પિક શિક્ષણ યોજના', 'શિક્ષણનું માધ્યમ' ,'માતૃભાષા' વિષયો પર મુખ્ય વક્તવ્યો થયાં હતાં. જેમાં મા. બત્રાજીએ પરા અને અપરા વિદ્યાનું સંયોજન કરીને સુંદર યાત્રા કરાવીને જીવન ઉપયોગી શિક્ષણ, સત્યની ખોજ માટે દૃષ્ટિકોણમાં પરિવર્તન તથા આઈ. ક્યુ., ઈ. ક્યુ. અને એસ. ક્યુ.ની વાત કરીને સી. ક્યુ. એટલે કન્સીસ્ટન્સી ક્વોશન્ટ - નિરંતરતા આંકની નવી વાત કરી. એટલે કે કાર્યની નિરંતરતા જાળવવી. એકાત્મ માનવવાદ, દેશભક્તિ, સામાજિક ચેતના તથા આધ્યાત્મિકતાનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવાની વાત કરી.

આ ઉપરાંત અન્ય વિષયોમાં સ્વામી નિખિલેશ્વરાનંદજીએ મનુષ્યનિર્માણ, ચારિત્ર્યનિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણની વાત કરી. મા. હર્ષદભાઈ શાહે 'શિક્ષણનું માધ્યમ' વિષય રજૂ કરતાં કહ્યું કે ગણિત-વિજ્ઞાન વિષયની સંકલ્પનાની સમજ માતૃભાષાના માધ્યમમાં જ શ્રેષ્ઠ રીતે ગ્રહણ કરી શકાય છે. ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો માતૃભાષામાં બનાવવા જોઈએ તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓ પણ ગુજરાતી માધ્યમમાં યોજવી જોઈએ. ન્યાયાલય, બેંકો, સરકાર વગેરેની તમામ ગતિવિધિઓ માતૃભાષામાં થવી જોઈએ. દરેક વ્યક્તિએ પોતાના હસ્તાક્ષર માતૃભાષામાં કરવા જોઈએ. માતૃભાષાને વર્તમાન સમયમાં, બચાવવાની તાતી જરૂરિયાત છે. દરેક વ્યક્તિએ પોતાનાથી તેની શરૂઆત કરવી જોઈએ.




આ દ્વિદિવસીય સંમેલનમાં શિક્ષણનો અભ્યાસક્રમ, શિક્ષણની પદ્ધતિઓ, શિક્ષણનું માધ્યમ, શિક્ષણની વ્યવસ્થા એમ ચાર જૂથમાં બે સત્રોમાં ચિંતન, ચર્ચા તથા જે તે વિષયમાં પાયારૂપ કાર્યયોજના બનાવવામાં આવી. જેના પર આગળ વધુ ખેડાણ થશે.

આવેલા પ્રતિભાગીઓએ પોતાના અનુભવકથનમાં આ કાર્યને આગળ વધારવા માટેની હિમાયત કરી તથા પોતાના સ્થાન પર પણ આવી ગોષ્ઠિઓ યોજવા માટે તૈયારી બતાવી. સમાપન સત્રમાં સ્વામી પવિત્રાનંદજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે સૃષ્ટિતત્ત્વના મૂળભૂત સિદ્ધાંતનું જ્ઞાન એ જ શિક્ષણ છે. જીવનનો ઉદ્દેશ શો છે તેનું જ્ઞાન કરાવે તે જ સાચું શિક્ષણ. જ્ઞાનપ્રાપ્તિ માટે શરણાગતિ, શ્રદ્ધા, જિજ્ઞાસા તથા સેવાસુશ્રુષા જરૂરી છે, જેનો વર્તમાન શિક્ષણમાં સમાવેશ કરવો જોઈએ.

## હરિની દૃષ્ટિ...



ફરી આવી ગઇ ?? ચલ ભાગ, એ તો ગઇકાલે વેલેન્ટાઇ ડે હતો એટલે પ્રેમ કર્યો હતો...!!

# અંબોડમાં નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા લોક કલા સંસ્કૃતિનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૫

અંબોડ ખાતે અશ્વમેળો યોજાય છે ત્યાં નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર અને વિવિધ સંસ્થાના સહયોગથી લોકકલા સંસ્કૃતિ અને દેશભકિતનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વંદેમાતરમ્, દેશ રંગીલા, જય જય ગરવી ગુજરાત, ગણેશ વંદના, સરસ્વતી વંદના, ભારત નાટયમ્, શિવ તાંડવ નૃત્ય જેવા કાર્યક્રમ યોજાયા હતા. ગ્રામજનો તથા અશ્વધારકોઓ કાર્યક્રમ નિહાળ્યો હતો. જી.ઈ. કલબના પ્રમુખશ્રી કશ્યપભાઈ નિમાવતે કોરીયાગ્રાફી અને સાંસ્કૃતિક કાર્યક્રમનું સંકલન કર્યું હતું. નહેરૂ યુવા કેન્દ્રના સંયોજકશ્રી રજનીકાંતભાઈ સુથાર મામલતદારશ્રી પ્રજાપતિએ કલાકારોનું અભિવાદન કર્યું હતું અને પ્રોત્સાહક ઈનામો-પ્રમાણપત્રોની જાહેરાત કરી હતી.

નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન દિલ્હી દ્વારા તા. ૬ઠ્ઠી માર્ચના રોજ રાષ્ટ્રીય એકતા શિબિર નવી દિલ્હીમાં યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાંથી ૨૦ જેટલા યુવા કલાકારો જનાર છે. રસ ધરાવતા યુવાનોને નહેરૂ યુવા કેન્દ્ર, સે-૩૦નો સંપર્ક કરવા યુથ કો. ઓર્ડીનેટર શ્રી રજનીકાંત સુથારે જણાવેલ છે.

# હિન્દી સેવા સન્માન પુરસ્કાર માટે ડૉ. ચંદ્રકાન્ત મહેતાની પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ તેમજ ગુજરાતી અને હિન્દી ભાષાના સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાની ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા પ્રતિષ્ઠિત જેઠાલાલ જોષી હિન્દી સેવા સન્માન પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે.

ડૉ. ચંદ્રકાન્ત મહેતા હાલ હીરામણિ મીડિયા ઈન્સ્ટીટ્યુટ સહિત હીરામણિ સંકુલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. તેમજ તેઓ હિન્દી સાહિત્ય પરિષદના ગુજરાતના અધ્યક્ષ તરીકે માનદ સેવાઓ પણ પ્રદાન કરી રહ્યા છે. ડૉ. મહેતા અત્યાર સુધીમાં હિન્દીમાં ઉત્કૃષ્ઠ લેખન માટે ભારત સરકાર દ્વારા નેશનલ એવોર્ડ, કેન્દ્રિય હિન્દી નિર્દેશાલય તરફથી સૌહાર્દ એવોર્ડ, લખનૌ ખાતે ભારતી ભૂષણ એવોર્ડ, જબલપુર ખાતે કાદમ્બરી એવોર્ડ, રાષ્ટ્રભાષા એવોર્ડ અને ગુજરાત હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા વિવિધ એવોર્ડ પણ પ્રદાન થયેલ છે અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. મહેતા ગુજરાતી હોવા છતાં હિન્દી સાહિત્યમાં અનેક એવોર્ડ પ્રાપ્ત કરી ચુક્યા છે. તેમના અત્યાર સુધીમાં હિન્દીમાં ૨૨ અને ગુજરાતીમાં ૯૫ પુસ્તકો પ્રકાશિત થઈ ચુક્યા છે.

## ખેલમહાકુંભ-૧૩ વિજેતાઓને રોકડ પુરસ્કાર

તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૩ અંતર્ગત ગાંધીનગર શહેરના વિવિધ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે. વિજતા ખેલાડીઓએ પુરસ્કાર તા. ૧૭ ફેબ્રુઆરીથી જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯૦/૨, ગ-૧, સેકટર-૩૦ ફોન-૨૩૨૬૦૪૪૯ કચેરી સમય દરમિયાન મેળવી લેવાના રહેશે.

# આજે નાણાવટી સ્કુલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

નાણાવટી પ્રાયમરી સ્કુલ સેકટર-૬નો વાર્ષિકોત્સવ આજ રોજ રવિવાર ટાઉનહોલ સેકટર-૧૭ ખાતે યોજવામાં આવશે. જેમાં વર્ષ દરમિયાન યોજવામાં આવેલ કાર્યક્રમોના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે.

ગાંધીનગરના સેકટર-૬માં આવેલી નાણાવટી પ્રિ અને પ્રાયમરી સ્કુલનો વાર્ષિકોત્સવ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૧૭ના ટાઉનહોલ ખાતે યોજવામાં આવશે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ પોતાની આગવી શૈલીમાં વેશભુષા ધારણ કરી વિવિધ પ્રકારના નૃત્યો રજુ કરશે.

શાળામાં વર્ષ દરમિયાન બાળકોનાં વિકાસ અર્થે સંગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ખો-ખો જેવી અનેક સ્પર્ધાઓ યોજવાં આવતી હોય છે. જેમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને આ પ્રસંગે મેડલ અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

## દેવીપૂજક સમાજનો સિતારો

ગાંધીનગર, તા. ૧૫



શહેરના સેકટર-૪ ખાતે વસતા કિરણભાઈ ચંદુભાઈ દાતણીયા જેઓ પાટનગર યોજના ભવનમાં ફરજ બજાવે છે. તેમના પુત્ર સંજયકુમાર દાતણીયાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ફાઈનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ રાજયના દેવીપુજક સમાજનું ગૌરવ વધાર્યું છે.

## સર્જનયાત્રા પર વ્યાખ્યાન

વિશ્વકોષ ટ્રસ્ટ અમદાવાદ ઉસ્માનપુરા ખાતે કવિશ્રી દાદની સર્જનયાત્રા પર વ્યાખ્યાન તા. ૧૯ ફેબ્રુઆરી સાંજે ૫-૦૦ કલાકે વિશ્વ કોષ ટ્રસ્ટ ખાતે યોજવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા સાહિત્ય પ્રેમીઓને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે.



તાલુકાના સાદરા ખાતે આવેલી ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત ગો સંવર્ધન કેન્દ્રમાં દક્ષિણા અને દૂધ સાગર નામની બે ગાયો દિવસમાં ૫૦ લીટર દૂધ આપી રહી છે. જેને નિહાળવા આજુબાજુ ગામના પશુપાલકો પ્રેરણા લેવા માટે ગૌસંવર્ધન કેન્દ્રમાં આવી રહ્યા છે જેને નિષ્ણાતો માર્ગદર્શન આપતા નજરે દેખાય છે.

## શહેર કોંગ્રેસની લીડરશીપ ટ્રેનીંગ બેઠક

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા લીડરશીપ ટ્રેનીંગ અંગેની બેઠક તા. ૧૭ ફેબ્રુઆરી, બપોરે ૩.૦૦ કલાકે કોંગ્રેસ કાર્યાલય સેક્ટર-૨૨ ખાતે પ્રમુખ મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. ટ્રેનિંગમાં કોર કમિટીના આગેવાનો, અલગ-અલગ સેલના ચેરમેનો, એન.એસ.યુ.આઈ. મહિલા પાંખ, યુવા કોંગ્રેસ અને કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા મહામંત્રી કે.પી. સોલંકીએ જણાવ્યું છે.

# યુએસએ પ્રોજેક્ટ મેનેજર દ્વારા યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ખાતે શિક્ષણ કાર્ય

ઈડર, તા. ૨૫

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ખાતે બાળકોને આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ આપે છે. બ્રીટીશ કાઉન્સિલના આઈએએસ ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ પ્રોગ્રામ આ વર્ષે યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ખાતે કાર્યરત છે. બ્રીટશ કાઉન્સિલના આઈએએસ પ્રોજેક્ટ હેતુ બાળકોમાં આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણ વિકસાવવાનો છે. આઈએએસ અંતર્ગત 'World peace'- The UN Way' પ્રોજેક્ટમાં બાળકોને UN ની વિવિધ માહિતી પ્રાયોગિક રીતે આપવામાં આવી રહી છે.

હાલમાં Dr.Vivodh Z.J. Anand અમેરિકાની 'સીટી યુનિવર્સિટી ઓફ ન્યુયોર્ક'ની યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ખાતે તે આવ્યા હતા. Dr. Vivodh આ યુનિવર્સિટીના 'ધ પબ્લિક સાયન્સ પ્રોજેક્ટ' સાથે સંકળાયેલા છે.

Dr. Vivodh દ્વારા યુનાઈટેડ નેશનન્સના 'હુમન રાઈટ્સ'ની માહિતી આપવામાં આવી હતી. UN દ્વારા વૈશ્વિક સ્તરે સલામતી અને શાંતિ માટેના પ્રયત્નોની સમજ પણ તેમને આપી હતી. બાળકોને સમજાય તે રીતે 'હુમન રાઈટ્સ' તથા ઈન્ટરનેશનલ લૉ ની સમજ પણ બાળકોને આપવામાં આવી હતી. Dr. Vivodh યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડરના બાળકોને આંતરરાષ્ટ્રીય સ્તરની સમજ આપવાના પ્રયત્નોને ખાસ બિરદાવ્યા હતા. બાળકોએ ખુબ જ રસથી ... અંગે માહિતી મેળવી હતી. બાળકોએ પ્રશ્નોતરી કરી પોતાની જીજ્ઞાસા વૃત્તિને પણ સંતોષી હતી.

ગ્રામ્ય લેવલના બાળકોને UN જેવી વૈશ્વિક સંસ્થાની માહિતી IAS પ્રોજેક્ટ અંતર્ગત મળી તે ખરેખર નોંધવા પાત્ર બાબત છે. બીજી અગત્યની બાબત એ રહી કે અમેરિકાની યુનિવર્સિટિના મેનેજરે આ શાળામાં આવીને બાળકોને આ માહિતી આપી.

ઉત્તર પ્રદેશમાં અને કદાચ તે કારણે ભારત સરકારમાં ભૂકંપ સર્જાય તેવા સમાચાર મળ્યા છે ઉત્તર પ્રદેશના સર્વેસર્વા એવા મુલાયમજી પણ જેનો સાથ શોધે છે તેવા શ્રીમાન આજમખાનજીની ભેંસ ખોવાઇ ગઇ છે. ભેંસ ખોવાઇ ગઇ કે તેનું અપહરણ થયું... કોણ જાણે... આમ તો જનતાના બાળકોના અપહરણો થતાં જ રહે છે ને? એ તો રોજનું થયું... તેમાં સરકારનું પેટનું પાણી ન હલે. પણ આ તો ભેંસ... ને તે પણ પાછી કોની? ઉત્તર પ્રદેશના ભાગ્ય વિધાતા એવા ખાનની અને 'ખાન' એટલે મુલાયમજી જ ગણી લો ને આ મુલાયમ ટેકા વિના ભારત સરકાર થોડી ટકવાની. સરકાર જાઉં જાઉં થાય છે ત્યાં જ ભેંસે શીંગડું ભરાવ્યું. ઉત્તર પ્રદેશની પોલીસ માટે તો આબરૂનો પ્રશ્ન ઉઠ્યો છે. જનતામાં કાયદો ન પળાય. ચોરી - ઠાકોરી થાય. ખૂનો ને બલાત્કારો થાય. ત્યાં પોલીસ નિર્લેપ રહે. પણ આતો સાહેબની ભેંસ... કમીશ્નરે તાત્કાલિક મિટીંગ કરી. સૌને ખખડાવ્યા. જીપો દોળાવી. પેટ્રોલ બાળ્યું. નાના કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કર્યા. ભેંસ અ-વેષણ અભિયાન શરૂ કરાવ્યું.

પણ હાય રામ ભેંસ ન મળી તે ન જ મળી. કયાં ગઇ. પેલા ફ્લોપ શોની જેમ આંખુ ડિપાર્ટમેન્ટ કામે વળગ્યું. ખાતા માટે જીવન - મરણનો (નોકરીનો) પ્રશ્ન ઊભો થયો. અરે ભઇ બીજું બધું એક બાજુ મુકો ને ભેંસ શોધો... પણ આવી ભેંસ... પાતાળમાં પેસી ગઇ.

આખરે પોલીસે વિચાર્યું. જરૂર આ ઊંડું કારસ્તાન છે. મુલાયમજીને વાત કરી. ભેંશનું અપહરણ કરવામાં આવ્યું છે. આ કંઇ સગીરા પર બળાત્કારનો કે ખંડણીનો મામલો નથી. આવતી ચૂંટણીને લક્ષ્યમાં લઇ કાવતરું ઘડાયું છે.

# આજમખાનજીની ભેંસ ખોવાઇ ગઇ છે. ભેંસ ખોવાઇ ગઇ કે તેનું અપહરણ થયું... કોણ જાણે...

## ભેંસ ખોવાણી

*હળવો લેખ...*

*અનંત. ન. વ્યાસ*

પણ આ કાવતરું ઘડે કોણ... કોને રસ છે. શંકાની સોય કોની સોમે ટાંકવી. ભા.જ.પા. વાળા હમણાં હમણાં પાછળ પડ્યા છે. વળી પાર્ટી પરીવર્તન કરાવવામાં તેઓ કાબેલ છે. અપહરણ કરવું તે તેઓ માટે સામાન્ય ગણાય. કયાંક ભેંસનું જાતિ પરિવર્તન ન કરી નાખે. એ માટેના નિષ્ણાતો દિલ્હીને ઉત્તર પ્રદેશમાં ગોઠવાય તો ગયા છે. ભાજપાને જાણળા મળ્યું તો તુરંત રદિયો આપ્યો. અમે તો ગાયને માનનારા. ભેંસમાં અમને રસ ન મળે. સ.પા.ની જેમ ભેંસનો પણ એક રંગ... લઘુમતિનો... અમારે એવું નહિ અમે તો વારેવારે રંગ બદલીએ. કયારેક હિન્દુત્વનો વળી કયારેક વિકાસનો.... અમે તો 'ચાય પે ચર્ચા' પણ કરીએને ઉદ્યોગપતિઓને ભેટ પણ ધરીએ... તમારી ભેંસને બીજે શોધો.

મુલાયમજીને ગળે વાત નથી ઉતરતી. ખાસ તપાસ કરાવી તો જાણવા મળ્યું હમણાં ભાજપાનું લક્ષ્ય એક જ છે. કોંગ્રેસનું ઘર કોચવાયું. પાણીદાર અને પાણી વિનાના જે મળે તે સૌ માટે તબેલાના બારણાં ખુલ્લા મુકાયા છે. એક વાર દાખલ થાઓ કે તરત જ લીલા ચશ્મા ચઢાવી દે ને બસ પછી તો સામે લીલોતરી દેખાય. પ્રધાનપદથી માંડી નિગમ - ચેરમેનશીપ - ભલેને સાવ સુકું હોય પણ ચશ્માધારીને ન સમજાય. પણ ત્યાં આપણી ભેંશ નથી. આપણી ભેંસ પારકા ચશ્મા ન પહેરે...

તો પછી... પોલીસ કહે, કદાચ કોંગ્રેસવાળાનું કામ હોય... પણ એ તો મિત્રો... પણ આ ચૂંટણી આવી તે દરેક માર્ગ અપનાવાય. પણ કોંગ્રેસના બાળક તો ભેંશથી ડરે... બાપુએ બકરી પાળેલી. બાપુ આ બકરીને શીંગડા ન હતા. તદ્દન અહિંસક બકરી, બાપુ આ બકરી ભક્તિ આપતા ગયા ને બાપુની બકરી તો બદામ ખાતી એવું સાંભળ્યું છે. વળી કદાચ સાચી હશે. લાલુજીએ કહેલું, તમારી બકરી કયાં ચારો ચરે છે તે અમે ચરીએ તો શું વાંધો છે... બકરી ભક્તોની દેખતા લાલુ ચારો ચરી ગયા.

પછી બકરી ભક્તો જાગ્યા ને બાદશાહો થઇ ગયા. આ બકરી ભક્તોએ એક લોકાક્તિ ખોટી પાડી... 'બકરી મેલે કાંકરો' તેવી કહેવત છે પણ આ ભક્તોને તો કાંકરો - કોલસો - કંઇ ન મુક્યું... નાના હતા ત્યારે શાળામાં એક હિપ્નોટીસ્ટ આવેલા તેણે એક વિદ્યાર્થી કોલસો આપી કહેલું લે ચાવ - ગળ્યો લાગે છે ને... આખો વર્ગ હસી પડેલો પણ આજે લાગે છે... કોલસો પણ મીઠો લાગે. દેશ આખેઆખો હિપ્નોટોઇઝડ.

પણ ભેંશનું શું... હવે કયાં તપાસ કરવી. આ માયાબહેન ખરા. પણ એ તો ઉત્તરના જ ભેંસના રખવાળ ને પાછા જાણકાર. એ તો ભેંસને આઘેથી ઓળખી જાય. ને વળી ભેંસમાં મન બગાડે તેવા નહિ. ભેંસ તે ખાઇ ખાઇને કેટલું ખાય. આપણો તો હાથી સારો, ભલે ને રહ્યો તૃણભક્ષી. નાના નાના ટીપે ટીપે સરોવર ભરાય ને હાથીનું પેટ ભરાય. ને આપણે તો પાછા ગણેશ ભક્ત હાથી રસ્તે નીકળે તોય લાડું ધરાવીએ પછી માયાબેન ભેંસ સામે શા માટે જુએ.

આજમખાન બરાબર અકળાયા. ધુવાફુવા થાય. માળું દેશમાં સાવ અંધારું, અખીલેશજી મુંઝાયા પણ પિતાશ્રી કહે, ભાઇ આતો રાજકારણ છે અનુકૂળ પ્રતિકુળ બન્યા કરે. ગમતું નગમતું સહન કરવાનું... પણ ખાનને કહો, ચિંતા ન કરે, હું હમણાં જ વડાપ્રધાનને ફોન કરું છું. આ સત્રમાં જ 'ભેંસ નિયંત્રણ ધારો' પસાર કરી દે. લોકપાલ જેવા બીલની અમારે કંઇ જરૂર નથી. ધારો પસાર ન થાય તો વટહુકમ કઢાવો. બસ હવે પછી કોઇ કોઇની ભેંસ ન લઇ શકે. તમામ ભેંશોનું રજીસ્ટર રાખે ને દૂધ પોતાની ભેંશનું જ છે તેવો ખાસ સર્ટીફીકેટ રખાય...

ને હા, જરા ગુજરાતની પોલીસને પણ પુછાય કે ભેંસનું એન્કાઉન્ટર તો નથી કર્યું ને... મોદીજીને એ કદાચ શીંગડું મારી દે... પણ ગુજરાતમાં ભેંસ આવી છે ખરી. બસ ભેંસની શોધાશોધ ચાલે છે ને ભેંસના ભાઇ સૌ માથું મારી ખાઇ જાય છે.